નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને આધિન મુખ્ય સેવિકાને પાત્રતા તારીખથી દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: WCDD/ICD/CourtCase/23/2022/0838/Legal Cell

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૪/૦૩/૨૦૨૩

વંચાણે લીધા :

1. નામ. ગુજરાત હાઈકોર્ટના **MCA/42/2023 in SCA/5170/2019**ના કેસમાં આપેલ તા.૦૧/૦૩/૨૦૨૩ના રોજનું ઓરલ જજમેન્ટ.
2. નામ. ગુજરાત હાઈકોર્ટના **LPA/15/2023 in SCA/5170/2019**ના કેસમાં આપેલ તા.૧૦/૦૧/૨૦૨૩ના રોજનું ઓરલ જજમેન્ટ.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો હુકમ ક્રમાંક:**WCDD/DRA/e-file/23/2022/0724/B1**, તા.૦૭/૦૭/૨૦૨૨
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો હુકમ ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૨૧/૨૩૫૭/બ૧, તા.૧૬/૧૨/૨૦૨૧
5. નિયામકશ્રી આઈસીડીએસ કચેરી ખાતે મળેલ દ્વિતીય ઉપધો મંજુરી મળેલ સમિતીની કાર્યવાહી નોંધ.

//હુકમ//

વંચાણે લીધા (૧) અને (૨) પરના નામ. ગુજરાત હાઈકોર્ટના ઓરલ જજમેન્ટથી નીચેના કોષ્ટક મુજબના કુલ:૧૦ પીટીશનરોને તેઓની પાત્રતા તારીખથી દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં આપવા નિર્દેશ કરેલ છે. વંચાણે લીધા (૩) થી (૪) પરના વિભાગના હુકમોથી નીચે મુજબનાકુલ:૦૯ પીટીશનરોનું મુખ્યસેવિકાઓને પાત્રતાની તારીખથી નાણા વિભાગની અનુસૂચી મુજબ મળવાપાત્ર દ્વિતીય ઉ.પ.ધો. રૂ.૨૦૦૦-૩૫૦૦ મંજુર કરેલ છે. નામ. ગુજરાત હાઈકોર્ટની અવમાનના ન થાય એ માટે નીચે મુજબના કુલ:૦૯ પીટીશનરોને ચુકાદા અનુસાર દ્વિતીય ઉચ્ચતર પગારધોરણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબની વિગતોએ તત્કાલીન મુખ્યસેવિકાનું દ્વીતીય ઉચ્ચતર પગાર મંજૂર કરવામાં આવે છે:

૨/ - નીચે મુજબના કુલ:૦૯ પીટીશનરોને મુખ્યસેવિકાની સેવામાં પાત્રતા તારીખથી દ્વીતીય ઉચ્ચતર પગારધોરણછઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં નીચેની વિગતો અનુસાર મંજૂર કરવામાં આવે છે આ મંજૂરી વિભાગ દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટના **LPA/15/2023 in SCA/5170/2019** ના કેસમાં આપેલ તા.૧૦/૦૧/૨૦૨૩ના ચુકાદા સામે નામ. સુપ્રિમ કોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.

| ક્રમ | મુખ્ય સેવિકા/ સીડીપીઓનું નામ | મુળ નિમણૂકની તારીખ | પ્રથમ ઉપધોની પાત્રતા તારીખ | LWP | મળવાપાત્ર દ્વિતીય ઉપધોની પાત્રતા તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૦૧ | સુશ્રી શાંતાબેન આર.પારગી | ૦૧-૦૩-૮૫ | ૦૧-૦૩-૯૪ | 0 | ૦૧-૦૩-૦૯ | આમુખ-૫ |
| ૦૨ | સુશ્રી ભાનુમતીબેન આર. રાઠવા | ૨૨-૧૨-૮૬ | ૨૨-૧૨-૯૫ | 0 | ૨૨-૧૨-૧૦ | આમુખ-3, ક્રમ: ૧૬ |
| ૦૩ | સુશ્રી વનિતાબેન જી. ગામીત | ૧૬-૦૨-૮૭ | ૧૬-૦૨-૯૬ | 0 | ૧૬-૦૨-૧૧ | આમુખ-૪, ક્રમ: ૦૬ |
| ૦૪ | સુશ્રી કાંતાબેન એ. પરમાર | ૨૯-૧૧-૮૪ | ૦૩-૦૧-૯૪ | 0 | ૦૩-૦૧-૦૯ | આમુખ-૫ |
| ૦૫ | સુશ્રી જશુબેન આર. પટેલ | ૨૪-૦૪-૮૫ | ૦૧-૦૭-૯૪ | 0 | ૦૧-૦૭-૦૯ | આમુખ-3, ક્રમ: ૧૧ |
| ૦૬ | સુશ્રી ઉષાબેન એમ. પટેલ | ૨૪-૦૭-૮૫ | ૨૪-૦૭-૯૪ | 0 | ૨૪-૦૭-૦૯ | આમુખ-3, ક્રમ: ૩૭ |
| ૦૭ | સુશ્રી પ્રેમિલાબેન એલ. પટેલ | ૧૭-૦૬-૮૫ | ૧૭-૦૬-૯૪ | ૨ | ૧૯-૦૬-૦૯ | આમુખ-3, ક્રમ: ૪૯ |
| ૦૮ | સુશ્રી કમળાબેન આર. રાઠોડ | ૨૮-૦૨-૮૫ | ૨૮-૦૨-૯૪ | 0 | ૨૮-૦૨-૦૯ | આમુખ: ૫ |
| ૦૯ | સુશ્રી લીલાબેન બી. બારીયા | ૨૭-૦૨-૮૫ | ૨૭-૦૨-૯૪ | 0 | ૨૭-૦૨-૦૯ | આમુખ:૪, ક્રમ: ૩૯ |

Signature valid
Signed by:J I Leuva
Under Secretary
Date: 2023.03.14
20:00:08 +05:30

૩/- ઉક્ત કર્મચારીનું પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતો અનુસાર મંજુર કરવામાં આવે છે:

1. દ્વિતીય ઉ.પ.ધો.ની પાત્રતાની તારીખથી છઠ્ઠા પગારપંચ મુજબ રૂ.૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ-પે:૫૪૦૦ના પગારધોરણમાં દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે.
2. આ મંજૂરી નામ. ગુજરાત હાઈકોર્ટના **LPA/15/2023 in SCA/5170/2019**ના કેસમાં આપેલ તા.૧૦/૦૧/૨૦૨૩ના ચુકાદાની સામે નામ. સુપ્રિમ કોર્ટમાં વિભાગ દ્વારા દાખલ થનાર અપીલના આખરી ચુકાદાને આધીન રહેશે.
3. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
4. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધીન રહેશે.

૪/- વડી કચેરીએ તેમજ સંબંધિત જિલ્લા કચેરીએનામ. ગુજરાત હાઈકોર્ટના **LPA/15/2023 in SCA/5170/2019 and MCA/42/2023**ના કેસમાં આપેલ ચુકાદા અનુસાર આનુષાંગિક લાભો નિયત સમયમર્યાદામાં પુરા પાડવા આગળની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૧/૦૩/૨૦૨૩ની નોંધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. આઈ. લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. અગ્ર સચિવશ્રી (આ.બા.), નાણાં વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.ભાવનગર/મોરબી/મહિસાગર/પંચમહાલ/દાહોદ.
5. મુખ્ય સરકારી વકીલશ્રીની કચેરી, નામ.ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
6. સંબંધિત પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ. ભાવનગર/મોરબી/મહિસાગર/પંચમહાલ/દાહોદ.
7. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
8. સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. ભાવનગર/મોરબી/મહિસાગર/પંચમહાલ/દાહોદ.
9. સબંધિત મુખ્યસેવિકા/સીડીપીઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, ............)
10. શાખા સિલેક્ટ ફાઇલ.